# આયુષ્યના બે ધ્રુવબિંદુ - જીવન અને મૃત્યુ

**જ્ઞાનામૃત**
**બ્રહ્માકુમાર અનિલ**



જીવન એટલે જન્મ અને મૃત્યુના બે બિંદુઓ વચ્ચેનો આયુષ્ય ખંડ આ સમયપટ એટલે પુરુષાર્થના અક્ષરો અંકિત કરવાની સોનેરી તક, જીવનનો અર્થ જ લક્ષ્ય છે. પછી તે લક્ષ્ય જ્ઞાન દ્વારા પ્રાપ્ત કરવાનું હોય, પુરુષાર્થના બળે મેળવવાનું હોય કે સેવાની સુગંધથી મહેકાવવાનું હોય પણ ગતિ તો કરવાની છે એ નિશ્ચિત છે. મનુષ્ય જીવન દુર્લભ છે, એ ઘણાં અર્થમાં સાચું છે. માત્ર શ્વાસોચ્છશ્વાસ લેવા એ જીવનકાર્ય નથી. માત્ર અસ્તિત્વ ટકાવવું એ પણ જીવન નથી. બીજાનો લોપ કરીને જીવવું એ પણ જીવન નથી. પ્રાણ તો ઈશ્વરે અનેક જીવોને આપ્યા છે અને એ બધા જીવો એક યા બીજા પ્રકારની જિંદગી તો જીવે જ છે, જ્યારે મનુષ્ય જીવન દુર્લભ ગણાયું છે ત્યારે એ સાર્થક કરવું ખૂબ જરૂરી છે.

આયુષ્યના બે ધ્રુવ બિંદુ જન્મ અને મૃત્યુ પણ માનવ જન્મનો જેટલો આનંદ મનાવે છે એટલો જ તે મૃત્યુથી ભય પામે છે. જેમ જન્મ એ જીવનનું સત્ય છે તેમ મૃત્યુ પણ ઉત્સવ જ છે. મૃત્યુને આપણે ભયના રંગથી એટલું બધું રંગી નાંખ્યું છે કે એનો સાચો રંગ દેખાતો જ નથી. મૃત્યુને જાણ્યા પછી મનુષ્ય નિર્ભય બની જાય છે. આપણે મૃત્યુથી જેટલા નથી ડરતા એટલું આપણા કર્મોના પડછાયાથી ડરીએ છીએ. આપણા ખોટાં કર્મો અનેક પ્રશ્નો બનીને આપણી આગળ બિહામણું રૂપ ધારણ કરીને ઊભા રહે છે અને તેને આપણે મૃત્યુનું ભયાનક સ્વરૂપ માનીએ છીએ.

જીવતા જીવન તરફ દૃષ્ટિ કરીશું તો ઘણાંને ખબર નથી કે જીવન એટલે શું ? પણ તેમને એટલી તો ખબર છે કે ભૂખ લાગે ત્યારે ખાવાનું જોઈએ છે. ટાઢ, તડકો અને વર્ષાથી બચવા વસ્ત્ર અને ઘર જોઈએ છે પણ તેમને જ્ઞાન નથી કે જીવન આનાથી વિશેષ છે તેથી તેઓ આ સરહદથી આગળ જઈ શકતા નથી અને જેમનામાં જીવન વિશેનું સાચું જ્ઞાન છે તે પૂર્ણ મનુષ્ય બનવા, પુરુષોત્તમ બનવા લક્ષ તરફ ઉન્નતિ કરતો રહે છે. જીવન એક અપૂર્વ તક છે પોતાની જાતને વ્યક્ત કરવાની. જ્ઞાન દ્વારા નૂતન રેખાઓ દોરવાની, સ્નેહ દ્વારા સ્નેહ પામવાની, પ્રયત્નો કરવાની ને પુરુષાર્થ કરવાની. આ તક મનુષ્ય ઝડપી લે તો તે માનવી આત્મિક આનંદનો અનેરો અનુભવ જરૂર કરશે.

ખરું જોતાં તો મૃત્યુ એ જીવનનો અંત નથી અને તેથી તેનાથી ભય પામવાની પણ જરૂર નથી. જન્મ જીવનનો હિસાબ માંગતો નથી તેથી તે આપણને ગમે છે પણ મૃત્યુ જીવનનો હિસાબ કરવા પ્રેરે છે, તેથી અજાણ્યા ભયથી આપણે ધ્રૂજી જઈએ છીએ કારણ કે આપણે જાણીએ છીએ કે આપણા જીવની ઉધાર બાજુ ખીચોખીચ ભરેલી છે. જન્મી તો સૌ જાણે છે પણ જે મરી જાણે તે સાચો માનવી અને મૃત્યુને મારવા માટે તો માનવીએ સાચું જીવન જીવવું જ પડે. કીર્તિ કેરાં કોટડા ન હોય તો વાંધો નહિ. સુવર્ણની દીવાલ ન હોય તોયે વાંધો નહિ પણ જન્મ અને મૃત્યુ વચ્ચેના કાળખંડમાં એણે ક્યારેય નિઃસ્વાર્થપણે કોઈને સ્નેહ આપ્યો છે? જીવન બે રીતે જીવાય છે. એક રીત છે. જૂઠા મૂલ્યોની માવજત કરીને, જૂઠાને સત્ય તરીકે પ્રસ્થાપિત કરીને. બીજી રીત છે સાચા મૂલ્યોની માવજત કરીને, સત્યને સત્ય તરીકે સ્થાપીને. જો કે સત્યનો માર્ગ સરળ નથી. જૂઠનો જુગાર ખેલનારા નિદ્રા પણ લઈ શકતા નથી. જીવન એક એવી જડીબુટ્ટી છે કે જો એનો આપણે સમજપૂર્વક, સાવચેતીથી અને યોગ્ય ઉપયોગ કરીએ તો પુરુષોત્તમ થવાનો માર્ગ આપોઆપ ખૂલી જાય છે. નરાધમ થવું કે નરોત્તમ થવું એ આપણા પોતાના હાથની વાત છે.

આ જગતમાં કશું જ ખરાબ નથી, તેમ મૃત્યુ પણ ખરાબ નથી.

જે માનવીમાં આત્મવિશ્વાસ છે, જે માનવીને તેના કર્મોમાં વિશ્વાસ છે, જેને સત્યમાં શ્રદ્ધા છે, જેમાં સાચા સ્નેહની સ્પર્શશક્તિ છે તે સદાય નિર્ભય છે. મૃત્યુ એને માટે મૃત્યુ નથી પણ જીવન છે. મૃત્યુ એને મન

**આયુષ્યના બે ધ્રુવ બિંદુ જન્મ અને મૃત્યુ પણ માનવ જન્મનો જેટલો આનંદ મનાવે છે એટલો જ તે મૃત્યુથી ભય પામે છે. જેમ જન્મ એ જીવનનું સત્ય છે તેમ મૃત્યુ પણ ઉત્સવ જ છે. મૃત્યુને આપણે ભયના રંગથી એટલું બધું રંગી નાંખ્યું છે કે એનો સાચો રંગ દેખાતો જ નથી**

પૂર્ણવિરામ નહિ પણ પ્રારંભ છે. માનવીના માનવી થવાના પ્રયત્નમાં જ જીવનનો શ્રદ્ધા સૂર રહેલો છે. એ શ્રદ્ધા સૂરને આપણે કેટલે અંશે અનુસરીએ છીએ, એના પરથી જ આપણી જીવનયાત્રાનું માપ નીકળે છે. મિત્રો, આપણે જીવન અને મૃત્યુના મર્મને સમજી લીધા પછી એનું કર્મમાં આચરણ કરીએ અને સાચો આત્મિક આનંદ અનુભવતા -અનુભવતા આપણી જીવનયાત્રા સફળ બનાવીએ, આપણા સહપરિવાર અને મિત્રમંડળ માટે પણ આપણે પ્રેરણા સ્વરૂપ બનીએ તેવી શુભ ભાવના અને શુભ કામના સાથે... ઓમ્ શાંતિ...

# અસંગ શસ્ત્ર

**જીવનની વચ્ચોવચ્ચ શ્રીમદ્ ભગવદ્ગીતા**
**સાધુ જ્ઞાનાનંદદાસ**

કર્મ અને સમયના સંબંધને સમજાવીને હવે ભગવાન કૃષ્ણ અનાસક્તિના લાભની વાત કરે છે.

ગીતા સમજાવે છે કે સંસારરૂપી વૃક્ષ અતિ મોહક છે. પંચવિષયો દ્વારા તે માનવીને ખેંચીને બાંધી રાખે છે. આ મોહજાળ અતિ ઘટ્ટ છે. તેનાં મૂળ ઘણા ઊંડે ઉતારેલાં છે. માટે ભગવાન કહે છે કે “ ” અનાસક્તિરૂપી શસ્ત્રથી સારી પેઠે તેનાં વિષયમૂળ ઉખેડવાં પડે.

અનાસક્તિ એ વૈરાગ્યમાંથી ઉપજે છે અને સંસારમાં અપ્રીતિથી વૈરાગ્ય જન્મ લે છે. જેટલો સંસારમાં સ્નેહ તેટલો વૈરાગ્યનો અભાવ! ફળસ્વરૂપે અનાસક્તિ પણ અસંભવ બને છે. જીવન અને સંસાર પ્રત્યેનો મોહ જ આસક્તિ કરાવે છે. આ મોહ દૂર કરવા જીવનનું અંતિમ લક્ષ્ય નજર સમક્ષ હોવું જરૂરી છે.

15 જાન્યુઆરી, 2009 ના US એરવેઝ ફ્લાઈટ 1549 ન્યૂયોર્ક સિટીના લગવાર્ડિયા એરપોર્ટથી રવાના થયું. ટેક ઓફ થયા પછી તરત જ પક્ષીઓના એક ઝૂંડ

**જંગલમાં દવ લાગે ત્યારે ઉંદરને ચિંતા રહે પણ જેની પાંખમાં ઊડવાનું જોર છે તે પંખીને શું ભય હોય? તેમ આ સમજણ પાંખો આપે છે ઊડવાની. પરિસ્થિતિ ભલે એની એ જ રહેશે પણ આપણી સ્થિતિમાં પરિવર્તન ચોક્કસ થઇ જશે**

સાથે અથડાયું. કેપ્ટન સલનબર્ગ અને ફર્સ્ટ ઓફિસરને હડસન નદી પર પ્લેનનું ઈમરજન્સી લેન્ડિંગ કરવું પડે એમ હતું. પ્લેન પાણીની સપાટી સુધી પહોંચ્યું ત્યારે પ્લેનમાં રહેલી દરેક વ્યક્તિને એવું લાગતું હતું કે હવે મૃત્યુ હાથવેંત જ છેટું હતું.

આ છેલ્લી ક્ષણમાં ઘણા મુસાફરોને ક્યારેય વિચારી નહીં હોય એવી જીવનની સ્પષ્ટતા મળી હતી. જ્યારે પાઈલટે પ્લેનનું હડસન નદી પર



ચમત્કારિક રીતે લેન્ડિંગ કર્યું ત્યારે મુસાફરોને જીવતા હોવાના આનંદની સાથે જીવનના હેતુ વિશેની એક નવી સમજ મળી.

૧- D સીટ પર બેઠેલા બિઝનેસમેન રિક એલિયાસે પ્લેનના એક મુસાફર(યાત્રી) હતા. એમણે જ્યારે પ્લેનને નદીની નજીક આવતું જોયું ત્યારે તેઓ પોતાના જીવન વિશેના ત્રણ મહત્ત્વના પાઠ શીખ્યા.

૧. હવે હું જીવનમાં કંઈ પણ ભવિષ્ય પર મુલતવી રાખવા માંગતો નથી અને એ હેતુએ ખરેખર મારા જીવનને બદલી નાખ્યું છે.

૨. હું મારી પત્ની, મારા મિત્રો અને લોકો સાથેના મારા સંબંધ વિષે વિચારતો રહ્યો. એ સંબંધો વિષે વિચાર્યા પછી મેં મારા જીવનમાં રહેલી નકારાત્મક ઊર્જાને દૂર કરવાનો નિર્ણય કર્યો. છેલ્લાં બે વરસમાં મારી પત્ની સાથે મારે એક વાર પણ ઝઘડો થયો નથી એને લીધે હું ઘણું સારું અનુભવું છું. હું સાચો છું એવું દેખાડવાનો પ્રયત્ન કરતા હવે હું ખુશ રહેવાનું પસંદ કરું છું.

૩. મારા જીવનમાં હું એક સારો પિતા બની શકું આ જ વાતની અગત્યતા છે.

એલિયાસને એક નવજીવન મળેલું અને પોતાની જાત સાથે થયેલા સંવાદમાંથી જે સ્પષ્ટતા મળી એનાથી વધુ અર્થસભર જીવન જીવવા લાગ્યા. સાથે સાથે જીવન અનિશ્ચિતતાઓથી ભરેલું છે. અણધારેલી આપત્તિઓ વ્યક્તિને ઊંડા શોકમાં નાંખી દે છે પણ મૃત્યુના સ્વીકારની પૂર્વતૈયારીથી વ્યક્તિના જીવનમાં ગજબની સ્થિરતા આવી જાય છે કારણ કે મૃત્યુ સામે બધી જ લૌકિક ઘટનાઓ, પરિસ્થિતિઓ કે અનુભવો વામણા લાગે છે.

મૃત્યુ જીવનનું સત્ય છે. જો તેને બરાબર સમજી લઈએ તો જીવન અને સંસાર પ્રત્યેનો મોહ દૂર થાય છે. પરિણામે અનાસક્તિ જન્મે છે. વિષયોમાંથી મનની વૃત્તિ પાછી વળે છે. જે અતિ અગત્યનું છે તેના ઉપર જ વૃત્તિ લાગે છે અને અનાવશ્યક વસ્તુઓ જીવનમાંથી દૂર થવા લાગે છે. તા. 29/9/1980ના રોજ એક વાતચીતના પ્રસંગમાં કોઈએ પ્રમુખસ્વામી મહારાજને કહ્યું :

“સ્વામી! એક વૈજ્ઞાનિકે એવી આગાહી કરી છે કે ધૂમકેતુ પૃથ્વી સાથે સન 1990, 1993 અને 1994 માં અથડાશે અને પૃથ્વીનો નાશ થશે.” ત્યારે સ્વામીશ્રીએ કહ્યું, “આપણે તો જીવતાંય લાખના છીએ અને મરતાંય લાખના છીએ.

આત્યંતિક પ્રલય કરીને બેઠા છીએ ને!”

અનાસક્તિના સર્વોચ્ચ શિખર પર બેસીને સાક્ષીભાવે સઘળી પ્રવૃત્તિ કરતા તેઓને મરણનો લેશ ભય નહોતો. જંગલમાં દવ લાગે ત્યારે ઉંદરને ચિંતા રહે પણ જેની પાંખમાં ઊડવાનું જોર છે તે પંખીને શું ભય હોય? તેમ આ સમજણ પાંખો આપે છે ઊડવાની. પરિસ્થિતિ ભલે એની એ જ રહેશે પણ આપણી સ્થિતિમાં પરિવર્તન ચોક્કસ થઈ જશે. આવો પ્રમુખસ્વામી મહારાજના આ શબ્દોથી જાણીએ કે આજનો દિવસ છેલ્લો દિવસ છે એમ માની વ્યાવહારિક કાર્યો કરીએ, જેથી આપણી કાર્યક્ષમતા અને અસરકારકતા વધશે, અગ્રીમતા અનુસાર કાર્યોનું આયોજન સારું થશે (જે વધારે અગત્યનું છે તેને પૂરતો ન્યાય આપી શકાશે) અને જીવનના ઉતારચઢાવમાં સ્થિરતા અને શાંતિ જળવાયેલા રહેશે.

હા, ગીતા સમજાવે છે કે સંસારવૃક્ષને કાપવા સંસારથી ભાગવાનું નથી પરંતુ સંસારમાં રહીને સંસારથી અનાસક્ત રહીને પ્રવૃત્તિ કરવાની છે.